©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, FEBRUARY 26, 2026 / PHALGUNA 7, 1947 [No. 09

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

C O N T E N T S

Part		Pages
I	Government Notification, Appointments, promotions, leave of Absence, Rules and Orders (other than those Published in parts I-A, IV-A, IV-B and IV-C), List of Publication for sale, etc.	133-145
	Miscellaneous Notifications, Appointments, etc.	146-153
I-A	Orders and Notifications (other than those Published in part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal, Borough, District Municipal, Primary Education and Local Fund Audit Acts.	14-15
I-B	Government Notifications Published under Land Acquisitions Act only.	11-15
II	Supplementary Tender Notices issued by the Industries Commissioner (C.S.P.O.), Director of Health & Medical Service (Medical), Gujarat State, Director of Technical Education, the Chief Conservator of Forests, Vadodara and Director of Manpower, Employment and training, Ahmedabad, etc. (For subscribers only).	NIL
IV	Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.	09-09
IV-A	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.	66-114
IV-B	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.	18-25
IV-C	Statutory Rules Orders (other than those Published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner or Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.	72-75
V	Bills Introduced in the Gujarat Legislative Assembly.	09-09
VI	Acts of Parliament and Ordinance promulgated by the President.	09-09
IX	Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts.	95-100

PART-I

CENTRAL SECTION

CIVIL APPOINTMENTS

Head of Departments and all other Officers concerned are informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references leave, transfers appointments; powers and other personal questions affecting Gazetted officers as to which orders are Gazetted by Government in this part of the Gazette and that subsidiary orders as to relief of their subordinate and the like, which such Notifications, Necessitate, must be issued by them as on receipt of GAZETTE as other orders will be issued by Government.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક: અ૨-૨૦૨૬-૨૦-LED/MRT/e-file/11/2023/0642-43/M1-Section:- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના ખાતાના વડા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્ય, અમદાવાદના નિયંત્રણની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ ની જગ્યા ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૩-૨૪ અનુસંધાને સીધી ભરતીથી નિમણૂક માટે કુલ-૪૪ ઉમેદવારની ફાળવણી કરવામાં આવેલ છે, જે પૈકી (૧) શ્રી કિશનકુમાર ચાચાપરા કલ્યાણભાઈ (મેરીટ ક્રમાંક: ૨૬) વિરૂદ્ધમાં જિ.ભાવનગર ખાતે વર્તજ પોલીસ સ્ટેશનમાં II-ગુ.૨.નં.-૩૨૦૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે, જે હાલમાં કોર્ટમાં પડતર હોઈ, તેઓની નિમણૂંક હાલ રાહમાં રાખવામાં આવે છે. તથા (૨) The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act, 2018 ની જોગવાઈ અનુસાર અનામત વર્ગોના ઉમેદવારોને નિમણૂક આપતા પહેલાં જાતિ પ્રમાણપત્રની ખરાઈ કરવાની રહે છે. આથી વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા ૧) શ્રી સુનિલકુમાર રાઠવા (મેરીટ નં.-૪૧) ૨) શ્રી રામ દેવા મુછાળ(મેરીટ નં.-૪૨) તથા ૩) શ્રી કરશન વીરાભાઈ ગળચર(મેરીટ નં.-૪૩)ના જાતિ પ્રમાણપત્રના અભિપ્રાય મળેલ ન હોઈ, તેઓની નિમણૂંક અભિપ્રાય મળે ત્યાં સુધી રાહમાં રાખવામાં આવે છે. તેમજ (૩) મેરીટ ક્રમાંક:૩૯ પરના ઉમેદવારશ્રી ફેરા મીતેશકુમાર બાબુભાઈ, તા.મેઘરજ, જિ.અરવલ્લીએ તા.૦૧/૦૧/૨૦૨૬ની રૂબરૂઆતથી તેમજ તા.૨૮/૦૧/૨૦૨૬ના ઈ-મેઈલથી તેઓ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ની નિમણૂંક સ્વીકારવામાં માંગતા નથી તેમ જણાવેલ છે. આથી તે સિવાયના અન્ય ૩૯ ઉમેદવારોને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ ની જગ્યાએ (પગાર ધોરણ level-7 in Pay Matrix Rs.39900-126600/- ના પગાર ધોરણમાં) તેઓ સદરહું જગ્યા ઉપર હાજર થાય તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય માટે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આ અધિસૂચનામાં જણાવેલ શરતોને અધીન રહીને તેમની નામ સામેના કોલમ નં.- ૫ માં દર્શાવેલ જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે.

ક્રમ	મેરીટ ક્રમાંક	ઉમેદવારનું નામ અને સરનામું	કેટેગરી	નિમણૂકનું સ્થળ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
1	1	Mr. Akshay Mansukhbhai Monpara B-404, Origin Heights, Near Vihan Nirvana, Sargasan, Gandhinagar, 382421.	General	મોરબી
2	2	Mr. Jayesh Bhimabhai Kanara Karar Vadi Vistar, Bajana, Ta-Khambhaliya, Dist-Devbhumi Dwarka, 361305.	General (SEBC)	આદિપુર-કચ્છ
3	3	Mr. Ashishkumar Bhagwanbhai Bhutka Valkeshwar Sheri, At PO Gadh, TA- Palanpur, Banaskantha, Pin 385515.	General (EWS)	મહેસાણા

ક્રમ	મેરીટ ક્રમાંક	ઉમેદવારનું નામ અને સરનામું	કેટેગરી	નિમણૂકનું સ્થળ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
4	4	Mr. Dipeshkumar Mansukhbhai Prajapati 20, Jay Hatkeshwar Society, Nr. Ishawasyam Society, Radhaswami Satsang Beas Road, Ranip, Sabarmati, Ahmedabad, 382480	General (SEBC)	વડોદરા
5	5	Mr. Gaurav Lallubhai Dhankecha 110, Giriraj, Bunglows-1, Gate No.-2, Valak to Vav Road, Pasodara, Surat, 394130	General	નવસારી
6	6	Mr. Ankitkumar Sureshbhai Patel Patel Vas, At & Po-Undani, Tga-Vadnagar, Dist-Mahesana, 384355.	General (EWS)	અમદાવાદ
7	7	Mr. Divyesh Kabajibhai Ladumor A/181, Sitaram Society, Behind Archana School, Lambe Hanuman Road, Surat, 395010.	General (SEBC)	ભરૂચ
8	8	Mr. Ramdevsinh Bhikhubhai jadav Ramdarbar Society, Opp. Post Office, Wadhvan City, Surendranagar, 363030.	General (SEBC)	આદિપુર-કચ્છ
9	9	Mr. Vishal Batukbhai Kikani Sadgurunagar, Varsada, Amreli, 365430.	General	ભાવનગર
10	10	Mr. Chetankumar Hasmukhbhai Dabgar Gabat Road, Nr. Dr. Pankajbhai Clinic, Bayad, Arvalli (Modasa), 383325.	General (SEBC)	અમદાવાદ
11	11	Mr. Nareshkumar Atubhai Baldaniya C-53, Kameshwar Park Society, Street no. 5, Shilpa Medical Store Line, Hirawadi, Ahmedabad, 382345.	General (SEBC)	ભાવનગર
12	12	Mr. Jaimishkumar Mukeshbhai Savani 196, Ramvadi Chowk, Plot Area, Umrala, Ta-Umrala, Dist-Bhavnagar, 364330.	General (EWS)	અમદાવાદ
13	13	Mr. Jay Rajeshbhai Patel 201, H-3146, Swayam Residency, Beside Niyam Residency, GIDC, Ankleshwar, Bharuch, 393002	General (EWS)	સુરત
14	14	Mr. Pradip Jatabhai Vala 754/3 At-varal, Teh-Shihor, Bhavnagar, 364260.	General (SEBC)	મોરબી
15	15	Mr. Dhaval Balvantbhai Mandali Maruti nagar, Gadhada Road, Botad, 364710	General (SEBC)	અમદાવાદ
16	16	Mr. Ghanshyam Bhupatbhai Kavad 308, Dhruv Park Society, Nr. Maharana Pratap Chock, Godadara, Udhna, Surat, 395010	General (SEBC)	વલસાડ
17	17	Mr. Tusharkumar Pravinbhai Bhingradiya A, 704, Nilkanth heights, Abrama Road, Mota Varachha, Ta-Abrama, Surat, 394105.	General (EWS)	ભરૂચ
18	18	Mr. Gopalbhai Umedbhai Chavada E/505, Tirupati Akruti Greenz, Behind Nirma University, Malabar County Road, Ahmedabad, 382481.	General (SEBC)	ગાંધીનગર
19	19	Mr. Nikunjkumar Prafulbhai Mendapara B-3, 502 Star Manorath, Kholwad Gam, Kamrej, Surat, 394180	EWS	ભરૂચ

ક્રમ	મેરીટ ક્રમાંક	ઉમેદવારનું નામ અને સરનામું	કેટેગરી	નિમણૂકનું સ્થળ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
20	20	Mr. Brijesh Rajeshabhai Gohil 75, Kamal Park-2, Near Shreeji Mandir, Varachha, Surat, 395006.	SEBC	વલસાડ
21	21	Mr. Darshankumar Umeshbhai Savani 769, Mukhiseri, Nani Kanbivad, Umarala, Ta-Umarala, Dist-Bhavnagar, 364330.	EWS	અમદાવાદ
22	22	Mr. Pushprajsinh Hardevsinh Rayjada 503, Kalash Plaza, Opp. Darshan Hotel, Hanspura, Ring Road, Nava Naroda, Ahmedabad-382330	EWS	જૂનાગઢ
23	23	Mr. Meetkumar Gopalbhai Pandey Nr. Brahmakumari Centre, Lal Darwaja Road, Kalol, Panchmahal (Godhra), 389330	EWS	વડોદરા
24	24	Mr. Yuvrajsinh Ghanshyamsinh Gohil To-Lavarada, Ta-Shihor, Dist-Bhavnagar, 364240	SEBC	સુરેન્દ્રનગર
25	25	Mr. Kuldeepsinh Nirmalsinh Gohil Darbar Gadh, Ramanka, Ta-Umarala, Dist-Bhavnagar, 364320.	EWS	અમદાવાદ
26	27	Ms. Vandanaben Vajsibhai Gojiya C7, Randal Krupa, Aditinagar, Nr. Madhuram, Opp SBI Bank, Timbavadi, Junagadh, 362015	General (SEBC)	જૂનાગઢ
27	28	Mr. Vijaybhai Maldebhai Karmur At Kantoliya, Ta Bhanvad, Dis Devbhumi Dwarka, 360510	SEBC	જામનગર
28	29	Mr. Sagar Sardulbhai Gujjar 37, Labhubanagar Society, Aaimata Road Nr. Archana School, Chorasi, Surat, 395010	SEBC	રાજકોટ
29	30	Mr. Nikhil Gemarbhai Desai 35, Somnathnagar, Opp Vishwas City-2, Chanakyapuri, Ghatlodia, Ahmedabad, 380061.	SEBC	આણંદ
30	31	Mr. Yogikiran Jagadishbhai Parmar D 1201, Anand Avenue, Nr. Raj Harmony, Canal Road, Ugat Bhesan Road, Jahangirabad, Adajan, Surat, 395005.	SEBC	અમદાવાદ
31	32	Mr. Sunilbhai Shamjibhai Ahir House no.-82, Keshavnagar-1, Lodai, Ta Bhuj, Dist-Kachchh (Bhuj), 370001.	SEBC	મોરબી
32	33	Mr. Vipulkumar Jagdishbhai Vasava 17/18 Mahadev Nagar 3, Dindoli Road, Udhna, Surat, 394210.	ST	વલસાડ
33	34	Mr. Rohan Kanjibhai Soyaliya "Soyaliya's Home" Kingsland Park, Nr. Ramani Garrage, Nana mava Circle, Rajkot, 360005	SC	જામનગર
34	35	Ms. Vidhisha Tusharbhai Kanani Plot No. 736/1, Sector 7 B, Gandhinagar, 382007.	General	વડોદરા
35	36	Mr. Deepsinh Jitendrabhai Dauwa 41-B, Shivshaktinagar Society, Ringroad, Juna vadaj, Ahmedabad, 380013	SC	ગાંધીનગર

ક્રમ	મેરીટ ક્રમાંક	ઉમેદવારનું નામ અને સરનામું	કેટેગરી	નિમણૂકનું સ્થળ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
36	37	Mr. Rakeshkumar Masingbhai jepal 307, Jepalvas, Shivnagar Society, Tharad, Palanpur, Banaskantha, 385565.	SC	અમદાવાદ
37	38	Ms. Mittalben Manojbhai Patel Plot-13, Manibaug-3, Nr. Safi Hospital, Abrama, Valsad, 396002	ST	સુરત
38	40	Mr. Urvish Jayantkumar Machhar 4, Harsidhdhi Society, Nr. Kapileshwar Society, Water Tank Road, Tarsali, Vadodara City (South), Vadodara, 390009.	ST	સુરત
39	44	Mr. Bharatsinh Rajendrasinh Parmar A-19, Narayan Nagar Society, Asodar, Anklav, Anand, 388307.	General	અમદાવાદ

શરતો :

1. તેઓએ આ હુકમ મળ્યેથી દિન-૧૫માં નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ સમક્ષ અચૂક હાજર થવાનું રહેશે. અનિવાર્ય કારણોસર આ મુદ્દત વધારવાની જરૂર પડે તો અસાધારણ સંજોગો/કારણોની વિગતો-વાજબીપણાંનાં આધાર-પુરાવા સહિત ઉમેદવારે સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે અને જો તે અન્વયે મુદ્દત વધારી આપવામાં આવે તો તેવી વધારેલી મુદ્દતમાં ઉમેદવારે અચૂક હાજર થવાનું રહેશે. નિયત/વધારી આપેલ મુદ્દતમાં હાજર થનાર ઉમેદવારોની પ્રવર્તતા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અપાયેલ ગુણાનુક્રમ પ્રમાણે નિયત થશે. નિયત/વધારી આપેલ મુદ્દતમાં હાજર થવામાં નિષ્ફળ નિવડે તેવા ઉમેદવારો ઉક્ત જગ્યાએ જોડાવા ઇચ્છતા નથી તેવું માની લઈને તેઓની નિમણૂક રદ્દ કરવામાં આવશે.

2. આ નિમણૂક અન્વયે હાજર થવા માટે તેઓને કોઇ પણ પ્રકારનું પ્રવાસભથ્થું મળવાપાત્ર નથી.

3. જે ઉમેદવાર હાલ સરકારી/અર્ધ સરકારી નોકરીમાં છે તેઓને સક્ષમ સત્તાધિકારી (વર્ગ-૧ અને ૨ના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગ, વર્ગ-૩ના કિસ્સામાં સંબંધિત ખાતાના વડા અને અર્ધ સરકારી નોકરી તથા જાહેર ક્ષેત્રના સાહસોના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારી)નો ફરજ મુક્તિ/ રાજીનામાં મંજૂરીનો હુકમ રૂબરૂ કર્યેથી જ હાજર કરવાની નિયામકશ્રીએ કાળજી રાખવાની રહેશે.

4. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદએ, હાજર થયેલ અધિકારીને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક: સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ.૨ની સૂચનાઓ મુજબ નિયત નમૂનામાં “ભારતના સંવિધાનને વફાદાર રહેવાના તેમજ તેના પ્રત્યે નિષ્ઠા દર્શાવતા” સોગંદ લેવડાવ્યા બાદ હાજર કરવાના રહેશે અને લીધેલ સોગંદપત્ર સેવાપોથીમાં જાળવવાના રહેશે તથા તેની એક નકલ વિભાગને મોકલી આપવાની રહેશે.

5. સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા તેઓને નિયમોનુસાર વિગતવાર તાલીમ અંગે આયોજન થાય તે દરમ્યાન સંબંધિત કાયદાની જાણકારી મળી રહે તે હેતુથી કચેરીએ તેમની જુદી જુદી શાખાઓમાં તાલીમ અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.

6. તેઓએ અજમાયશી સમય પુરો કરીને, લાંબાગાળાની નિમણૂક મેળવ્યા બાદ ત્રણ વર્ષની સેવા બજાવવા અંગે સાથે બિડેલ નમૂના મુજબ સિક્યોરીટી અને સ્યોરીટી બોન્ડ આપવાના રહેશે. આ સિક્યોરીટી અને સ્યોરીટી બોન્ડ સંબંધિત ઉમેદવાર તથા તેમના બે જામીનોને સંયુક્ત અને અલગ રીતે એમ બંને રીતે બંધનકર્તા રહેશે. દરેક ઉમેદવારે પોતે રૂબરૂ કરેલા દરેક જામીનો રૂ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે તેવા સંબંધિત મામલતદારના પ્રમાણપત્ર સાથે નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય, અમદાવાદ સમક્ષ હાજર થતી વખતે અથવા હાજર થયા બાદ એક મહિનાની અંદર આપવાના રહેશે. દારપણાનું પ્રમાણપત્ર નિયત નમૂનામાં અને જરૂરી કોર્ટ ફી, સ્ટેમ્પ સાથે આપવાનું રહેશે તથા દર વર્ષે તે રિન્યુ કરાવીને રૂબરૂ કરવાની જવાબદારી જે તે અજમાયશી અધિકારીની રહેશે. આ રીતે તેઓએ સંબંધિત અધિકારી સમક્ષ રૂબરૂ કરેલ પ્રમાણપત્રો નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય, અમદાવાદએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને મોકલી આપવાના રહેશે.

7. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય, અમદાવાદએ બાંહેધરી પત્ર અને દારપણાના પ્રમાણપત્રો સંપૂર્ણ હોવાની ખાત્રી કરીને તે મુજબના શેરા સાથે આ વિભાગને પરત મોકલવાના રહેશે અને તેમ કર્યાની જાણ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ/અમદાવાદને પણ કરવાની રહેશે અને જ્યાં સુધી તેમ કરવામાં નહીં આવે ત્યાં સુધી ઉમેદવારને તેમના પગાર અને ભથ્થાં માટે અધિકૃત કરવાના રહેશે નહિં.

8. તેઓએ ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ મુજબ અજમાયશી સમય દરમ્યાન કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસ (CCC+) ની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન આ પરીક્ષા પાસ નહીં કરવાની કિસ્સામાં અજમાયશી સમય લંબાવવામાં આવશે. આવા લંબાવેલા સમયમાં પણ તેઓ આ પરીક્ષા પાસ નહીં કરે તો તેઓની સેવા સમાપ્ત કરવામાં આવશે. પછીથી જો તેઓ પરીક્ષા પાસ કરશે તો જ તેઓને સેવામાં પ્રવરતાના રક્ષણ વિના પરત લેવામાં આવશે તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ સંબંધિત અધિકારીશ્રીને આ સાથે બીડેલ નિયત નમૂનામાં આપવાની રહેશે, જે સંબંધિત અધિકારીશ્રીએ શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગને મોકલી આપવાના રહેશે.

9. તેઓએ અજમાયશી સમય દરમ્યાન ગુજરાત શ્રમ વિભાગ (રાજ્યપત્રિત અધિકારીઓની સેવાની શરતો સંબંધિત પરીક્ષા) નિયમો, ૨૦૦૮ જાહેરનામાં ક્રમાંક: કેએચઆર-૨૦૦૮-૧૨૭-સીએલઈ-૧૦-૨૦૦૭-૧૦૬૯-મ(૧) તા.૦૩/૦૭/૨૦૦૮ થી ઠરાવેલ ખાતાકીય પરીક્ષા નિયત તકમાં પાસ કરવાની રહેશે. નિયત તકમાં આ પરીક્ષા પાસ નહીં કરવાથી તેઓની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે.

10. તેઓએ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ - ૧૫ થી ઠરાવ્યા અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓની પરીક્ષાઓ પ્રવર્તમાન નિયમો મુજબ પાસ કરવાની રહેશે.

11. તેઓની નિમણૂકની જગ્યાએ હાજર થયાથી તારીખથી ૨(બે) વર્ષ માટે અજમાયશી ધોરણે તદ્દન હંગામી અને કામચલાઉ જ હોઈ આ સેવા સંતોપકારક નહીં જણાય તો કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૩/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ-૧૦૮૮-૧૭૦૯-ગ.૨ ની જોગવાઇ મુજબ તાત્કાલિક અસરથી સેવાનો અંત લાવવામાં આવશે. તેઓને અજમાયશી સમય સંતોપકારક રીતે પૂર્ણ થયેથી લાંબાગાળાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ તરીકેની નિયમિત નિમણૂંક અંગેના હુકમ કરવામાં આવશે ત્યારબાદ નિયમોનુસાર ઈજાફા મળવાપાત્ર થશે. તેઓનો અજમાયશી સમયની મુદ્દત લંબાવવાની જરૂર જણાતા કિસ્સાઓમાં તે અંગેના અલાયદા હુકમો કરવામાં આવશે.

12. ઉક્ત જગ્યાએ હાજર થયા બાદ સેવામાંથી રાજીનામું આપવા ઇચ્છતા ઉમેદવારોના કેસ ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ અને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ની જોગવાઇ મુજબ વિનિયમિત કરવામાં આવશે.

13. દરેક અજમાયશીના તાલીમ દરમ્યાનની કામગીરીનો ખ્યાલ આપતા અહેવાલ (Assessment Report) સામાન્ય વહીવટ વિભાગન તા.૦૮/૦૯/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ.૨થી નિયત નમૂનામાં અચૂક લખાય તે સંબંધિત અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરી બે નકલમાં આ વિભાગને તથા એક એક નકલ સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ તથા ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગરને મોકલવાના રહેશે.

14. મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા (SPIPA), અમદાવાદની કચેરીએ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થયે, સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા ખાતેનો સંસ્થાકીય તાલીમ અંગેનો અહેવાલ તેમજ તાલીમાન્ત પરીક્ષાના પરિણામની નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

15. અજમાયશી સમય દરમ્યાન આ અજમાયશી અધિકારીઓ મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદના નિયંત્રણ હેઠળ રહેશે. ક્ષેત્રીય તાલીમ દરમ્યાન તેઓએ જે તે જિલ્લાના કાર્યમથકે નિવાસ કરવો ફરજીયાત રહેશે અને તે અંગે સંબંધિત અધિકારીશ્રીએ પુરતી તકેદારી રાખવાની રહેશે અને જો આ અજમાયશી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ હાજરીમાં અનિયમિતતા જણાય તો સત્વરે નિયામકશ્રીએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને રીપોર્ટ આપવાનો રહેશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંબંધિતની આવી ગેરહાજરીને ગંભીર ગેરશિસ્ત ગણીને નિયમોનુસાર કાર્યવાહી કરશે.

16. ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૨ (ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ સંવર્ગ)નું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્ય હોય રાજ્ય સરકાર અજમાયશી સમય દરમ્યાન તથા લાંબાગાળાની નિમણૂક બાદ તેઓની કોઈપણ સ્થળે નિમણૂક તથા બદલી કરી શકશે.

17. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીએ ઉમેદવારની સેવાપોથી તૈયાર કરાવડાવી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે. જે ઉમેદવારો અજમાયશી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ તરીકેની નિમણૂક પામે તે પહેલાં સરકારી/અર્ધ-સરકારી સેવામાં હોય તેમના કિસ્સામાં તેમની અગાઉની સેવાપોથી પ્રથમ પાનાની પ્રામાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે. તેઓએ નાણાં વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ના ઠરાવની જોગવાઇ મુજબ સરકારી સેવામાં દાખલ થયા તારીખથી છ માસની મુદ્દતમાં સક્ષમ સત્તાધિકારી સમક્ષ વતનના સ્થળ અંગે નોંધણી કરાવવાની રહેશે. આ નોંધ કરાવવાના સમયે વતનના સ્થળે

કર્મચારી/અધિકારી સ્થાવર મિલકત ધરાવતા હોય અથવા નોકરીમાં જોડાયા તે પૂર્વે રહેતા હોય તેના અધિકૃત પુરાવાની નકલ રજૂ કરવાની રહેશે અને તે સંબંધિત કર્મચારી/અધિકારીની સર્વિસબુકમાં ચોંટાડવાની રહેશે. પોતાની સર્વિસબુકમાં વતનના સ્થળની નોંધણી થઈ હોવા બાબતે કર્મચારી/અધિકારીએ જાતે ખાતરી કરી લેવાની રહેશે. સર્વિસબુકમાં નોંધણી કરવાની રહી જવા પામી હોવાની સ્થિતિમાં પ્રથમ નિમણૂંક જે સ્થળે થઈ હશે તેને કર્મચારી/અધિકારીનું વતનનું સ્થળ ગણવાનું રહેશે. વતનના સ્થળ અથવા તેવા ફેરફાર અંગેની કોઈ રજૂઆતો વિચારણાને પાત્ર બનશે નહીં. વધુમાં કર્મચારી/અધિકારી પહેલેથી સરકારી/અર્ધ સરકારી સેવામાં હોય તેમના કિસ્સામાં તેઓએ નવેસરથી તેમના વતન અંગે એકરાર કરવાની જરૂર નથી. પરંતુ આ અંગે સેવાપોથીમાં થયેલ વતનની નોંધની પ્રમાણિત નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

18. અજમાયશી તરીકે હાજર થયા બાદ દિન-૩૦માં સંબંધિત કચેરીએ તેઓનું KARMYOGI PORTAL ઉપર મેપીંગ કરાવી તેઓની રજાઓ તથા અન્ય બાબતો KARMYOGI PORTAL ઉપર જ હાથ ધરવાની રહેશે.

19. તેઓને ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ની જોગવાઈ લાગુ પડશે.

20. તેઓએ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ ના નિયમ - ૧૯(ક) ની જોગવાઈ મુજબ તેઓની પ્રથમ નિમણૂક સમયે તેમના પોતાના નામે અથવા કુટુંબની કોઈ વ્યક્તિના નામે અથવા અન્ય કોઈ વ્યક્તિના નામે, તેને વારસામાં મળેલ તેની માલિકીની પટ્ટે અથવા ગીરોથી તેણે સંપાદન કરેલ અથવા ધરાવેલ સ્થાવર મિલકત સંબંધી પૂરેપૂરી વિગતો આપતું સરકારે નિયત કરેલ નમૂના મુજબનું તેવી સ્થાવર અસ્કયામતોનું પત્રક KARMYOGI PORTAL ઉપર ઓનલાઈ સબમિટ કરવાનું રહેશે. વધુમાં દર વર્ષે ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે પુરી થતી મુદતને આવરી લેતાં દરેક વર્ષના જાન્યુઆરી મહિનાની છેલ્લી તારીખ સુધીમાં નિયત નમૂનામાં વિગતો રજૂ કરવાની રહેશે.

21. તેઓને નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવથી ઠરાવેલ નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગૂ પડશે.

22. આ જગ્યાની નિમણૂક માટેની ભલામણ અને ભરતી પ્રક્રિયા નામદાર હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA No. 16181/2024 ના આખરી ચુકાદાને આધિન રહેશે.

આ અધિસૂચના માન.મંત્રીશ્રીની તા.૧૦/૦૨/૨૦૨૬ની નોંધ ઉપર મળેલ મંજૂરીથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

લોચન સેહરા (IAS),

સરકારના સચિવ.

Labour, Skill Development and Employment Department, Sachivalaya, Gandhinagar. GPSC Advt: 12/2023-24

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા.૧૦/૦૨/૨૦૨૬ની અધિસૂચના
ક્રમાંક : અર-૨૦૨૬-૨૦-LED/MRT/e-file/11/2023/0642-43/M1-Section નું બિડાણ

બાંહેધરી પત્રક

ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક: ૧૨/૨૦૨૩-૨૪ અન્વયે ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ની જગ્યાએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની ઉક્ત અધિસૂચનાથી અજમાયશી ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ તરીકે મારી નિમણૂક થયેલ છે.

તેની શરતો મુજબ હું નીચે સહી કરનાર..... આથી લેખિત બાંહેધરી આપું છું કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧/૧૯૬૯ અને તા.૧૨/૧/૧૯૭૦ તથા તા૧૯/૯/૨૦૧૬ ના પરિપત્રોની જોગવાઈ અનુસાર અજમાયશી અધિકારી તરીકેની મારી નિમણૂક નિયમાનુસાર આવશ્યક તબીબી તપાસ તેમજ ચારિત્ર્ય અને પૂર્વવૃત્તાંત અંગેની પોલીસ તપાસને આધીન રહેશે તે મને સ્વીકાર્ય છે. મને આપવામાં આવેલ આ કામચલાઉ નિમણૂકના અનુસંધાને ત્યારબાદની તબીબી તપાસ અને પોલીસ તપાસ કરાવતાં જો તે સંતોષકારક નહીં જણાય અગર તેમાં કંઈ વાંધાજનક હશે તો તે કોઈપણ જાતની નોટીસ કે કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે તે મને સ્વીકાર્ય છે.

મારે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તાલીમ લેવાની રહેશે તેમજ જરૂરી પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહેશે. અજમાયશી અધિકારીઓએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ ખાતાકીય પરીક્ષા અજમાયશી સમયગાળા દરમિયાન નિયત તકમાં ઉત્તીર્ણ કરવાની રહેશે અને જો હું નિયત સમય અને નિયત તકમાં તે પાસ કરી શકીશ નહીં તો મારી સેવા નિયમોનુસાર સમાપ્ત કરવામાં આવશે તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારૂ છું.

ગુજરાત મુલ્કી સેવા (કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ ની જોગવાઈ મુજબ અજમાયશી સમય દરમિયાન મારે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસ પરીક્ષા પાસ કરવાની છે અન્યથા મારો અજમાયશી સમય લંબાવી શકાશે અને તે સમય દરમિયાન પણ જો હું આ પરીક્ષા પાસ કરી શકીશ નહીં તો નિયમોનુસાર મારી સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્મે મને પ્રવરતાના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે. તે મને સ્વીકાર્ય અને બંધનકર્તા છે.

અજમાયશી તરીકેની મારી સેવા સંતોષકારક નહીં જણાય તો તેનો કોઈપણ નોટીસ આપ્યા વગર અંત લાવી શકાશે, એ બાબત સમજીને આ નિમણૂક હું સ્વીકારું છું.

( )

અજમાયશી અધિકારીની સહી.

(૧) સાક્ષીનું નામ અને પુરૂ સરનામુ:- સહીઃ-

(૨) સાક્ષીનું નામ અને પુરૂ સરનામુ:- સહીઃ-

સ્વીકાર કરનાર

નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ.....

સ્થળઃ

તારીખઃ

પ્રતિ,

નાયબ સચિવશ્રી(શ્રમ), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Labour, Skill Development and Employment Department, Sachivalaya, Gandhinagar.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા.૧૦/૦૨/૨૦૨૬ની અધિસૂચના

ક્રમાંક : અર-૨૦૨૬-૨૦-LED/MRT/e-file/11/2023/0642-43/M1-Section થી

નિમાયેલ અજમાયશી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ એ રજૂ કરવાના જામીનખતનો નમૂનો

અમે ગામ ..... તાલુકો ..... જિલ્લો..... રહેવાસી શ્રી ..... અને શ્રી ..... ઉપર જણાવેલ (આમાં હવે પછી "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંહેધરી આપીએ છીએ કે પોતે જે કરવા અને બજાવવાની બાંહેધરી આપી હોય તે બધુ ઉમેદવાર કરશે અને બજાવશે અને તેની (૧) નિયત તાલીમ અભ્યાસક્રમ પુરો કરવામાં નિષ્ફળતા અથવા (૨) સેવા પૂર્વેની (પૂર્વ સેવા તાલીમાન્ત) પરીક્ષામાં બેસવામાં નિષ્ફળતા અથવા (૩) અજમાયશી અંગેના કોઈ નિયમો હોય તો તેની કોઈ જોગવાઈનો સરકારને સંતોષ થાય તે રીતે પાલન કરવામાં નિષ્ફળતા અથવા (૪) અજમાયશીની મુદત સંતોષકારક રીતે પુરી થયેથી તેની નિયમીત નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષની મુદત પુરી થતા પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમ્યાન સરકારે તેમને ચૂકવેલ પગાર અને ભથ્થા જેટલી રકમ અને તેની તાલીમ અંગે સરકારે કરેલ ખર્ચ જે ઉમેદવાર તેની જાતે બંધાયેલ છે. તે બંને રકમ ગુજરાત સરકારની કારોબારી સત્તા વાપરતા ગુજરાતના રાજ્યપાલશ્રી (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને ખાતે જમા થવા દેવા અમે કબુલ થઈએ છીએ કે, ઉપલબ્ધ બીજા હક્ક તથા ઉપાયોને બાધ આવ્યા સિવાય, સરકાર ઉક્ત રકમ અમારી પાસેથી જમીન મહેસૂલની બાકી લેણી રકમ તરીકે વસુલ કરી શકશે અને અમે કબુલ થઈએ છીએ કે ઉક્ત નિયમોમાં દર્શાવેલી શરતોમાં કોઈ ફેરફાર થશે તો સદરહુ રકમ ચુકવવા અંગેની અમારી જવાબદારીમાંથી અમારાથી છુટા થઈ શકાશે નહીં અને આ કરાર હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ સારુ અમારી જવાબદારી ઉમેદવારી સાથે સંયુકત અને અલગ અલગ રહેશે.

સન. ૨૦૨૬ના..... મહિનાની તા..... ના રોજ ઉપરના નામ વાળાએ સહી કરી અને સોંપ્યું.

(૧) જામીનનું પુરૂ સરનામુ અને ધંધો. જામીનની સહીઃ-

(૨) જામીનનું પુરૂ સરનામુ અને ધંધો. જામીનની સહીઃ-

નીચેનાની હાજરીમાં

સાક્ષીની સહી પુરૂ સરનામુ અને ધંધો. સાક્ષીની સહીઃ-

જામીનખત

આથી સર્વે લોકોને જાણ થાય કે હું શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા. ૧૦/૦૨/૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક: અર-૨૦૨૬-૨૦-LED/MRT/e-file/11/2023/0642-43/M1-Section થી જણાવેલ નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ની જગ્યા ઉપર નિમણૂક માટે પસંદ થયેલ ઉમેદવાર, ગુજરાત રાજ્યની કારોબારી સત્તા વાપરતા ગુજરાતના રાજ્યપાલશ્રી (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દ પ્રયોગમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો તેમના ઉત્તરાધિકારીઓ અને એસાઈનીઓનો સમાવેશ થાય છે) સાથે મારી તાલીમની મુદત દરમ્યાન સરકારે મને ચુકવેલ પગાર અને ભથ્થાની રકમ અને મારી તાલીમ અંગે સરકારે કરેલ ખર્ચ એમ સરકારને ચુકવવાની થતી રકમ એ બન્ને જેટલી રકમ સરકારને ચુકવવા જવાબદાર બનું છું તથા પાકી રીતે બંધાઉ છું અને આ બંન્ને રકમની ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ લેખથી મારી જાતે, મારા વારસો, એક્ઝીક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ.

તાલીમની મુદત દરમ્યાન મને મળેલ પગાર અને રાબેતા મુજબના ભથ્થા જેટલી રકમ અને મારી (૧) નિયત તાલીમ અભ્યાસક્રમ પુરો કરવામાં નિષ્ફળતા અથવા (૨) સેવા પૂર્વની (પૂર્વ સેવા તાલીમાન્ત) પરીક્ષામાં બેસવામાં નિષ્ફળતા અથવા (૩) અજમાયશી અંગેના કોઈ નિયમો હોય તો તેની કોઈ જોગવાઈનો સરકારને સંતોષ થાય તે રીતે પાલન કરવામાં નિષ્ફળતા અથવા (૪) અજમાયશીની મુદત સંતોષકારક રીતે પુરી થયેથી મારી નિયમીત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદત પુરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે તાલીમ દરમ્યાન મેં લીધેલ પગાર અને રોજીંદા ભથ્થા જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું બોન્ડ નિયમો હેઠળ મારે કરી આપવાનું રહે છે.

હવે ઉપર જણાવેલ બોન્ડની શરત એવી છે કે, હું મારા પક્ષે પાલન કરવાની અને બજાવવાની અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલા અનુબંધો અને શરતોનું વિધિસર અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો ઉપર લખેલું બોન્ડ રદ થશે અન્યથા તે પુરેપુરૂ અમલી અને અસરકારક રહેશે.

પરંતુ અન્ય હક્કો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ બોન્ડ હેઠળ ચુકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી રહેલ રકમ તરીકે; શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની બાકી રકમ તરીકે વસુલ કરવાની સરકારને છુટ રહેશે. આવી સંમતિ મેં આજે વર્ષ ૨૦૨૬..... ના મહિનાની તારીખ .....ના રોજ આ બોન્ડ ઉપર સહી કરી છે.

(૧) સાક્ષીનું નામ અને પુરૂ સરનામુ:- સહી:-

(૨) સાક્ષીનું નામ અને પુરૂ સરનામુ:- સહી:-

રાજ્યપત્રિત અધિકારીનું નામ અને સહી

સ્થળ:

તારીખ:

પ્રતિ, નાયબ સચિવશ્રી(શ્રમ), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક: અર-૨૦૨૬-૨૧-LED/MRT/e-file/11/2022/1712/M1-Section :- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રના નિયંત્રણ હેઠળના સંવર્ગવાર નીચેના કોષ્ઠકના કોલમ-૨માં દર્શાવેલ અધિકારીઓની તેમના નામ સામે કોલમ-૫ માં દર્શાવેલ જગ્યા ઉપર જાહેરહિત/સ્વ-વિનંતીથી બદલીથી નિમણૂંક આપવામાં આવે છે.

(૧)

મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ-૨				
અ.નં.	**અધિકારીનું નામ**	**કચેરીનું નામ**	**જાહેરહિત/ સ્વ-વિનંતી**	**બદલીથી નિમણૂંકનું સ્થળ**
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	શ્રી એન. કે. રાઠવા,	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	સ્વ-વિનંતી	મહેસાણા

મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ-૨				
અ.નં.	**અધિકારીનું નામ**	**કચેરીનું નામ**	**જાહેરહિત/ સ્વ-વિનંતી**	**બદલીથી નિમણૂંકનું સ્થળ**
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૨	શ્રી વાય. વી. પટેલ	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	જાહેરહિત	મહેસાણા
૩	શ્રી એ. કે. કોટડીયા	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	જાહેરહિત	આદિપુર-કચ્છ
૪	શ્રીમતી પી. એમ. પટેલ	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	જાહેરહિત	વડોદરા
૫	શ્રી ડી. એસ. ભુટકા	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	જાહેરહિત	સુરત
૬	શ્રી એમ. એ. ખોરજીયા	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ	જાહેરહિત	રાજકોટ
૭	શ્રી એન. આઇ. મેવાસી	નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, મહેસાણા	જાહેરહિત	આદિપુર-કચ્છ
૮	શ્રી એસ. ડી. યાદવ	નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગોધરા	જાહેરહિત	અમદાવાદ
૯	કુ. આર. એમ. રાઠવા	મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, આણંદ	જાહેરહિત	સુરત
૧૦	શ્રી આર. આર. જોષી	સંયુક્ત નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, સુરત	જાહેરહિત	ગોધરા
૧૧	કુ.એસ. એચ. પટેલ	સંયુક્ત નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, સુરત	જાહેરહિત	વલસાડ
૧૨	શ્રી એસ. એ. ચૌહાણ	સંયુક્ત નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, સુરત	જાહેરહિત	અમદાવાદ
૧૩	શ્રી એચ. બી. પટેલ	નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ભરૂચ	જાહેરહિત	વલસાડ
૧૪	શ્રી એન. કે. પટેલ	નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, વલસાડ	જાહેરહિત	ભાવનગર
૧૫	શ્રી ડી. કે. પટેલ	મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, નવસારી	જાહેરહિત	ભરૂચ
